# અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ પરનો ટ્રાફિક ડાયવર્ટ કરાયો








શિક્ષક ભરતી વર્ષ-૨૦૧૮માં સામાન્ય વર્ગથી ખાલી પડેલ ૧૧૬૭ જેટલી પદ માટે એસટી વર્ગના વિદ્યાર્થીઓથી ભરવાની માંગે લઈને એસટી વર્ગના વિદ્યાર્થીઓ અને તેમના સમર્થકો છેલ્લાં ૧૮ દિવસોથી ભૂવાલી ગામના કાંકરી ડુંગરી પર વિરોધમાં બેસ્યા છે. આ મુદ્દે ગત રાત્રીથી રાજસ્થાનમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા આંદોલનકારીઓએ વાહનો સળગાવાની સાથે પથ્થરમારો પણ કરવામાં આવી રહ્યો હોવાથી આંદોલને હિંસાત્મકરૂપ ધરાણ કરતા અરવલ્લી જીલ્લો રાજસ્થાનને અડીને આવેલો હોવાથી આંદોલનના આગની જ્વાળા અરવલ્લીને દઝાડે તે પહેલા જીલ્લા પોલીસવડા સંજય ખરાતે બોર્ડર પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દઈ રાઉન્ડ ધી ક્લોક પેટ્રોલિંગ કરી અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નંબર-૮ પર શામળાજીથી રાજસ્થાન પ્રવેશતા વાહનોને ડાયવર્ટ કરવામાં આવ્યા છે. જીલ્લા પોલીસવડા સંજય ખરાતે કોઈ પણ પ્રકારની અફવાથી દૂર રહેવા અને અરવલ્લી જીલ્લાની બોર્ડર પર શાંતિપૂર્ણ માહોલ હોવાનું જણાવ્યું હતું આંદોલનથી ને.હા.ન-૮ પર ટ્રાફિકજામ સર્જાયો હતો.

રાજસ્થાનમાં ચાલી રહેલ શિક્ષક ભરતી આંદોલનનો મામલો ગુજરાતમાં પણ જોવા મળી રહ્યો છે. રાજસ્થાનના નેશનલ હાઈવે નં-૮ પર આવેલા કાંકરી ડુંગર પર આંદોલનકારી યુવકોનું વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. ઉત્તર ગુજરાતના આદિવાસી વિદ્યાર્થીઓ દ્વારા આંદોલનને સમર્થન અપાયું છે ત્યારે શામળાજી નજીક આંદોલનને સમર્થનમાં આશ્રમ ચાર રસ્તા પર ઉતરી પડેલા યુવકોના ટોળાએ હાઈવે પર ચક્કાજામ કરતા તાબડતોડ પોલીસે તમામ આંદોલનકારી યુવકોને સમજાવી મામલો થાળે પાડ્યો હતો. ગુરુવારે રાત્રે રાજસ્થાનમાં ચાલી રહેલા વિરોધ વિરોધ પ્રદર્શને આક્રમક અને ઉગ્રરૂપ ધારણ કર્યું હતું. જિલ્લા પોલીસતંત્રે અગમચેતીના ભાગરૂપે શામળાજી- ઉદયપુર નેશનલ હાઈવે હાલ બંધ કરી દેવામાં આવ્યો છે. ડુંગરપુર પાસે અસંખ્ય વાહનોમાં આગચંપીના બનાવો જોવા મળ્યા છે. જેના કારણે શામળાજી પોલીસે ટ્રાફિક ડાર્યવર્ટ કરવામાં આવી રહ્યો છે. ઉદયપુર જતા વાહનો ભિલોડાથી ડાયવર્ટ કરાયા છે અને ભિલોડાથી અંબાજી, આબુરોડ ડાયવર્ટ કર્યા છે. શામળાજી ઉદયપુર નેશનલ હાઈવે ૮ બંધ કરવામાં આવતા અનેક લોકોને મુશ્કેલીઓ પડી રહી છે. ડુંગરપુર પાસે આંદોલનકારીઓએ અસંખ્ય ગાડીઓ સળગાવી છે.

## બાયડના ધારાસભ્ય જલદી સાજા થાય એ માટે યજ્ઞ

બાયડ, તા. ૨૫



બાયડ વિધાનસભાના વર્તમાન ધારાસભ્ય જશુભાઈ પટેલ વિધાનસભાનું સત્ર ચાલુ થાય તે પહેલા કરવામાં આવેલા કોરોના પરીક્ષણમાં કોરોના સંક્રમિત હોવાની જાણ થઈ હતી. દેશમાં ચાલી રહેલી કોરોના મહામારીના પગલે ગુજરાત વિધાનસભાનું સત્ર શરૂ થાય તે તમામ ધારાસભ્યોનું કોરાના સ્કિનિંગ કરવામાં આવ્યું હતું. જેમાં બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલનો કોરોના પોઝીટીવ કેસ મળી આવ્યો હતો. જેથી બાયડના ધારાસભ્ય જશુભાઈ પટેલના માદરે વતન હેલોદર ગામે ધારાસભ્યનું આરોગ્ય જલ્દીથી સારૂ થઈ જાય તે માટે ગ્રામજનો દ્વારા એક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.



### બાયડ તાલુકાના પટેલના મુવાડા ગામેથી વન્યજીવોની હેરાફેરી કરતો શખ્સ ઝડપાયો

બાયડ બાયડ તાલુકાના પટેલના મુવાડા ગામે થી બાતમીના આધારે રેડ કરી દ્વારકાભાઈ ના ઘરે પાણીની ટાંકીમાંથી બે કાચબા તથા ૧૦ ગુણી ઝડપી પાડી હતી અરવલ્લી જિલ્લામાં એક પછી એક પ્રાણીઓના તસ્કરીની ઘટનાઓ સામે આવી રહી છે એક પછી એક વન્ય જીવોની તસ્કરી ના કિસ્સાઓ વધતા અરવલ્લી જિલ્લા ફોરેસ્ટ વિભાગ સતર્ક બન્યુ હતું. દ્વારકાભાઈની પૂછપરછ કરવામાં આવે તો કેટલાય લોકો આ વન્ય જીવોની તસ્કરી માં સામેલ લોકોના નામ બહાર આવી શકે છે.

## ઓડ ગામની સગીરાનુ અપહરણ કરનારની ધરપકડ

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે અપહરણ, ગુમ થયેલ અને વણઉકેલ્યા ગુન્હાનો ભેદ ઉકેલવા અને નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા જીલ્લા પોલીસતંત્રને માર્ગદર્શન અને સૂચના આપતા સ્થાનિક પોલીસ અને વિવિધ એજન્સીઓ સતત દોડધામ કરી રહી છે. જીલ્લા એલસીબી પોલીસે ભિલોડાના ઓડ ગામેથી ૫ વર્ષ આગાઉ છોકરીનું અપહરણ કરનાર આરોપીઓને છત્રાલ જીઆઈડીસીમાંથી ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમે કલોલ તાલુકાના છત્રાલ જીઆઈડીસીમાં આવેલ તિરૂપતિ બાલાજી કંપનીમાં છાપો મારી કમલેશકુમાર સોમાભાઈ અસારીઅને સોમાભાઈ કાળાભાઈ અસારી (બંને રહે. બોરનાપાણી,-



વિંછીવાડા, રાજ.)ને ઝડપી પાડી ૫ વર્ષ અગાઉ છોકરીના અપહરણના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો. બંને આરોપીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. શામળાજી પોલીસમથકના ફર્સ્ટ ગુના રજી. નંબર. ૭૧/૨૦૧૫ ઈ.પી.કો. ક. ૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના ગુન્હાનો ભેદ ઉકેલવામાં સફળ રહ્યા હતા.

## પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ સહેલી દ્વારા વૃધ્ધાશ્રમમાં વૃધ્ધોને પાણી પુરી ખવડાવી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સેવાભાવી પ્રવૃતિઓ સાથે સંકળાયેલ પ્રાંતિજ જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ સહેલી દ્વારા જાયન્ટસ વિકને લઈને પ્રાંતિજ વૃધ્ધાશ્રમ ખાતે કેક કાપીને



વૃધ્ધાશ્રમના વૃધ્ધોને પાણી પુરી ખવડાવવામાં આવી હતી.

પ્રાંતિજ ખાતે કાર્યરત જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ સહેલી દ્વારા જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશનના અધ્યા સ્થાપક નાના ચુડાસમાના જન્મ દિવસને લઈને જાયન્ટસ વિક મનાવવામાં આવી રહ્યું છે જેમાં પ્રાંતિજ ખાતે કાર્યરત પ્રાંતિજ જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ તથા જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ સહેલી દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેના ભાગરૂપે પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ સહેલી દ્વારા તા.૨૩-૯-૨૦૨૦ને બુધવારના રોજ રાત્રીના સમયે પ્રાંતિજ ખાતે આવેલ તીર્થાગન વિસામો વૃધ્ધાશ્રમ ખાતે વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધો સાથે મનાવ્યો હતો જેમાં વૃધ્ધાશ્રમ ખાતે વૃધ્ધો સાથે કેક કાપી ભજનકિર્તન, ગીતસંગીતનો કાર્યક્રમ યોજાયો હતો. જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ સહેલીના સભ્યો દ્વારા વૃધ્ધાશ્રમમાં રહેતા વૃધ્ધોને પાણી પુરી ખવડાવવામાં આવી હતી. વૃધ્ધાશ્રમના વુધ્ધોને પણ ચટાકેદાર પાણી પુરીનો ટેસ્ટ ઘણા લાબા સમય પછી મળતા મન મુકીને પાણીપુરી આરોગીને આનંદ માણ્યો હતો. આ પ્રસંગે પ્રાંતિજ જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજ સહેલીના પ્રમુખ વર્ષાબેન ભાવસાર, પૂર્વ ફેડરેશન ઓફિસર કુલદીપભાઈ ભટ્ટ, પૂર્વ ફેડરેશન ઓફિસર શિલ્પાબેન શર્મા, ફેડરેશન ઓફિસર મનીષાબેન ભટ્ટ, પૂર્વ પ્રમુખ વજેશભાઈ ભાવસાર, ઈશાન ભટ્ટ, ઓમ શર્મા, વૃધ્ધાશ્રમના ટ્રસ્ટી વિભાષભાઈ પટેલ સહિત સહેલી મેમ્બર્સ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વજેશભાઈ ભાવસાર દ્વારા કરવામાં આવ્યું હતું.

## તલોદનગરની અંદાજે ૨૫ કરતા વધારે સોસાયટીઓમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ

તલોદ, તા. ૨૫

તલોદનગર અને તાલુકાના એક ડઝનથી વધારે ગામડાઓમાં પણ કોરોના વાયરસે જનજીવનને ભરડામાં લઈને વિસ્ફોટક સ્થિતિ બનાવી દિધી છે. તલોદ શહેરની અંદાજીત ૨૫ જેટલી સોસાયટીમાં કોરોના ત્રાટકીને કહેર વર્તાવતા અસંખ્ય પરિવારોમાં સાગમટે એકથી વધુ કેસો કોરોનાના દર્દીઓ હોવાનું દફતરેથી જાણવા મળેલ છે.

તાલુકાના સંખ્યાબંધ નવા નવા ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોનાની ઝપેટમાં આવતા જાય છે. આમ થતાં ગ્રામજનોની હાલત દયનીય, કફોડી અને વેદનાભરી બની બેઠી છે. અહિ કોરોનાનો બ્લાસ્ટ થશે તેવી આશંકા પણ સેવાઈ રહી છે. કોરોનાના કોવિડ-૧૯ના વાઈરસ સંક્રમણ આવતા સેંકડો લોકો કોરોનાનો ભોગ બન્યા છે. કેટલીક ચોક્કસ કોમમાં કોરોનાની સંખ્યા વધતી જઈ રહી છે જેમાં દિગંબર જૈન સમાજ પણ બાકાત નથી. આ જૈન સંપ્રદાયના અસંખ્ય લોકો કોરોનાના ઘુટથી એકબીજાના શરીરમાં પ્રવેશ કરવાની તક આપી હોય તેવુ આ વેળા નક્કર પરિણામો ઉપરથી ફલિત થાય છે. જૈન સમાજના ભાવિક પરિવારોની ઘેલછા આજે તેઓને કોરોનાના ખપ્પરમાં ધકેલાઈ જવા મજબૂર બનાવી રહી છે. આમ તલોદ પંથકની કચ્છી પટેલ સમાજના પરિવારોમાં અને હરસોલના વોહરા સમાજના પરિવારોમાં તેમજ અન્ય કેટલાય સમાજના પરિવારોમાં કોરોનાએ બૂમ મારીને ભલભલાને હચમચાવી હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે.

જિલ્લાના અન્ય તાલુકાઓમાં કોરોનાએ પોતાની તેજ રફતાર વધારીને નિર્દોષ લોકોને ભરડામાં લેવા જાણે કે તાંડવ મચાવ્યુ છે ત્યારે તલોદ શહેર અને તાલુકામાં જાણે કે વિસ્ફોટક બોંબ ઉપર લોકો બેઠા છે. અહિ તલોદ ખાતે સેંકડો નવા કેસ બહાર આવશે અને આગામી દિવસોમાં અહિ કોરોના બ્લાસ્ટ થશે તેવી પ્રબળ શંકાઓ પણ સેવાઈ રહી છે. નામદાર કોર્ટની સૂચના અન્વયે માસ્ક નહી પહેરનાર લોકો પાસે રૂ. ૧૦૦૦ દંડ વસુલવાની રાજ્ય સરકારે નિતિ ઘડી કાઢીને જાહેરાત પણ કરી દીધી છે પરંતુ તંત્ર દ્વારા આંખ આડા કાન કરતા ૮૦ ટકા લોકો માસ્ક વિના ખૂલ્લામાં ફરી રહ્યા છે.

## પ્રાંતિજવાસીઓ હવે ચેતી જજો નહી તો પાંચમાં મળતું માસ્ક ૧૦૦૦માં પડશે

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર વગર માસ્ક પહેરીને લટાર મારતા લોકોને



પ્રાંતિજ પોલીસે કાયદાનું ભાન કરાયું તો માસ્ક વગર ફરતા નગરજનોને દંડ ફટકારીને માસ્ક પણ આપ્યું.

હાલ કોરોનાએ ફરી પાછુ માથુ ઉચકયુ હોય તેમ એક પછી એક પ્રાંતિજ સહિત તાલુકામાં સતત કોરોનાના કેસોમા વધારો જોવા મળી રહ્યો છે. સરકાર દ્વારા લોકોને કામ વગર બહાર ના જવા તથા કોરોનાના રેપીડ ટેસ્ટ દ્વાર ફરજીયાત ટેસ્ટ કરાવવા તથા પોતે પોતાની જાતેજ કાળજી લેવા સાવચેતી રાખવા લોકોને જણાવવામાં આવ્યું છે. દિવસ દરમ્યાન અવારનવાર સાબુથી હાથ ધોવા તેમજ સેનીટાઈઝરનો ઉપયોગ કરવો અને માસ્ક ફરજીયાત પહેરવું જેવા જાતેજ સાવચેતી રાખવા જણાવેલું છે. પ્રાંતિજ પોલીસ દ્વારા આજે પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર માસ્ક પહેર્યા વગર, કામ વગર રખડતા લોકોને કાયદાનું ભાન કરાવ્યું હતું અને માસ્ક વગર અવરજવર કરતા લોકોને દંડ ફટકારીને તેવોને માસ્ક પણ આપવામાં આવ્યુ હતું. પ્રાંતિજ પોલીસ દ્વારા માસ્ક વગર ફરતા લોકોને દંડ કરીને માસ્ક આપ્યું હતું.

## ભિલોડા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં મોબાઈલ નેટવર્કના ધાંધિયા

ભિલોડા,તા.૨૫

૨૧મી સદીના હાઈટેક યુગમાં ડિજીટલ યુગ તરફ ભારત દેશ આગળ વધી રહ્યો છે.મોબાઈલ નેટવર્કના ધાંધિયા હોઈ મોબાઈલ ધારકો ભારે મુંઝવણમાં મુકાયા છે. અંતરિયાળ ડુંગરાળ ગ્રામ્ય વિસ્તારોમાં બિલકુલ મોબાઈલ નેટવર્ક મોબાઈલ ધારકોને મળતુ નથી તેમ આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા સહિત ગ્રામ્ય વિસ્તારોમાં મોબાઈલ નેટવર્કની ભારે સમસ્યા દિન-પ્રતિ-દિન વધતા મોબાઈલ ધારકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. મોબાઈલ ધારકોએ જણાવ્યું હતું કે મોબાઈલમાં વાતચીત દરમ્યાન કોલ ડ્રોપ થવો, ચોખ્ખી વાત ન થવી,ઈન્ટરનેટની કનેકટીવીટી વારંવાર ખોરવાતા મોબાઈલ ધારકો છેલ્લા કેટલાક સમયથી હેરાન પરેશાન થઈ રહ્યા છે.બી.એસ.એન.એલ., વોડાફોન, આઈડીયા, એરટેલ, જીઓ સહિત વિવિધ કંપનીઓમાં વારંવાર ઈન્ટરનેટની સ્પીડ ઓછી આવતી હોય છે. મોબાઈલ નેટવર્ક ધરાવતી તમામ કંપનીઓ ધ્વારા મોબાઈલ ધારકોને તેઓના મોબાઈલમાં પુરતા પ્રમાણમાં મોબાઈલ ટાવરની ફીકવન્સી આપવી જોઈએ તેવી માંગ પ્રવર્તી છે. મોબાઈલ નેટવર્ક ધરાવતી વિવિધ કંપનીઓ સમયસર યોગ્ય નેટવર્ક પુરૂ પાડવામાં આવે તેવી મોબાઈલ ધારકોની માંગ છે. કોરોના વાઈરસની મહામારી દરમ્યાન શાળા, કોલેજો બંધ હોઈ ઓન લાઈન અભ્યાસક્રમ ચાલતો હોઈ ઈન્ટરનેટ બન્યું આફત ત્યારે શિક્ષણ ખોરવાઈ રહ્યું છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ ભારે મુઝવણમાં મુંકાયા છે. વિવિધ વિસ્તારોમાં વિદ્યાર્થીઓનો અંતર્નાદ ઓન લાઈન શિક્ષણ પહેલા યોગ્ય નેટવર્ક આપો તેવી માંગણી છે.

## હિંમતનગરમાં ભાડે આપેલી દુકાન પચાવી પાડવાનો કારસો

હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલ વલી માર્કેટની એક દુકાન માલિકે ભાડે આપ્યા બાદ બે શખ્સો તે દુકાન પચાવી પાડવાના ઈરાદા ધરાવતા મામલો મારામારી સુધી પહોંચી ગયો હતો અને આખરે બે જણા વિરૂદ્ધ હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે પોલોગ્રાઉન્ડમાં રહેતા મોહમદઆરીફ અલીમહોમદ લાલાએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેમના પિતાને વલી માર્કેટમાં આવેલ એક દુકાન ભાડે આપી હતી પરંતુ તે દુકાનમાં આજ વિસ્તારમાં રહેતા હુસેનભાઈ વલીભાઈ મેમણ તથા સિરાજભાઈ હુસેનભાઈ મેમણે દુકાન પચાવી પાડવાના ઈરાદે તે દુકાનમાં રેડીમેઈડ કપડાનો માલસામાન મુકી દીધો હતો.

## એક અઠવાડીયા માટે હાથરોલને લોકડાઉન જાહેર કરાયુ

### ગામમાં ૧૫થી વધુ કોરોના પોઝીટીવના કેસ આવતા પંચાયતે નિર્ણય લીધો : પ્રજાએ અવરજવર બંધ કરી, દુકાનો જડબેસલાક બંધ

હિંમતનગર, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લામાં ગત માર્ચ માસથી શરૂ થયેલો કોરોના હજુ પ્રજાનો પીછો છોડતો નથી જેને લઈને તા. ૨૫ સપ્ટેમ્બર સુધીમાં જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસનો આંક ૮૮૦ પહોંચી ગયો છે. અનેક ગામડાઓમાં કોરોના પોઝીટીવના ઢગલાબંધ કેસ આવતા લોકો ભયભિત બની ગયા છે. ત્યારે જિલ્લામાં અત્યાર સુધીમાં સાત સ્થળોએ લોકોએ સ્વયંભૂ લોકડાઉન જાહેર કરીને સલામતીના પગલા લીધા છે. દરમિયાન હિંમતનગર તાલુકાના હાથરોલ ગામમાં એકી સાથે ૧૫થી વધુ કેસ આવી જતા ગ્રામ પંચાયતે શુક્રવારથી લોકડાઉન જાહેર કર્યુ છે. એક સપ્તાહ સુધી તેનો અમલ કરાશે.

આ અંગે હાથરોલ પંચાયતના સરપંચ અમિતભાઈ પટેલ તથા ઉપસરપંચ લલિતાબેન અમૃતભાઈના જણાવાયા મજુબ છેલ્લા કેટલાક દિવસોથી સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. જેના લીધે હવે તો શહેરી વિસ્તારોની સાથે ગ્રામ્ય વિસ્તારો પણ કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. જેને લઈને ખડતલ ગણાતી ગામડાની પ્રજા પણ કોરોનાથી ગભરાઈ રહી છે અને ખુબજ સાવચેતી સાથે કામ કરે છે.

પરંતુ હાથરોલ ગામના અનેક લોકો ધંધાર્થે અથવા તો કામસર બહાર જાય ત્યારે કેટલાક લોકોમાં ઈમ્યુનીટી પાવર ઓછો હોવાને કારણે તેઓ કોરોનાનો શિકાર બની જાય છે. તાજેતરમાં જ ગામમાં એક સાથે ૧૫થી વધુ કેસ નોંધાયા બાદ સમગ્ર ગામ સ્તબ્ધ બની ગયુ છે જેને લઈને કોરોનામાં વધુ લોકો ન સપડાય તે આશયથી ગ્રામજનો સાથે ચર્ચા કરાયા બાદ શુક્રવારથી એક સપ્તાહ સુધી સમગ્ર ગામને લોકડાઉન જાહેર કરી દેવાયુ છે. જેના લીધે ગામમાં આવેલી નાની મોટી તમામ દુકાનો બંધ રહેશે જોકે દૂધ અને મેડીકલ સેવા માટે કોઈ બંધન રહેશે નહી.

શુક્રવારથી જાહેર કરાયેલા લોકડાઉનને લીધે ગામના રસ્તાઓ સુમસામ બની ગયા છે. અને ગ્રામજનો પણ પોતાના ઘરમાં જ પુરાઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે કોરોનાના કહેરના લીધે સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધી વડાલી, પોશીના, ખેડબ્રહ્મા, વિજયનગર, ઈડર, પુંસરી અને છેલ્લે તખતગઢ ગામે સ્વયંભૂ લોકડાઉન જાહેર કરીને કોરોનાથી બચવા પ્રસંશનીય કામગીરી કરીને લોકડાઉન માટે સરકારે જાહેર કરેલા નિયમોનું ચૂસ્ત પાલન કર્યાના દાખલા બેસાડ્યા છે.